

પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો ! સંક્ષેપમાં આ દોષ છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૧ [૭૩૫] * **આત્મધર્મ** * [અંક-૭ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ જાન્યુઆરી-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ કોઈ નિંદે છે તો નિંદો, સ્તુતિ કરે છે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો વા જાઓ તથા મરણ આજે જ થાઓ વા યુગાંતરે થાઓ! પરંતુ નીતિમાં નિપુણ પુરુષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલિત થતા નથી. એવો ન્યાય વિચારી, નિંદા-પ્રસંશાદિના ભયથી વા લોભાદિકથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વપ્રવૃત્તિ કરવી યોગ્ય નથી. અહો! દેવગુરુધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે, એના આધારે તો ધર્મ છે, તેમાં શિથિલતા રાખે તો અન્યધર્મ કેવી રીતે થાય? ૮૫૫. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૬, પાનું-૧૯૯)*

❀ જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે. ૮૫૭.

*(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા- ૧૦૧)*

❀ પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું; કારણ કે 'પરદ્રવ્ય મારું સ્વ નથી,-હું પરદ્રવ્યનો સ્વામી નથી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,-પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે, હું જ મારું સ્વ છું,—હું જ મારો સ્વામી છું'—એમ હું જાણું છું. ૮૫૮. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા- ૨૦૯)*

❀ જે દેશાદિના નિમિત્તે સમ્યગ્દર્શન મલિન થતું હોય અને વ્રતોનો નાશ થતો હોય એવા તે દેશ, તે મનુષ્ય, તે દ્રવ્ય તથા તે ક્રિયાઓનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ. ૮૫૯. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક- ૨૬)*

❀ જિસ તરહ મન વિષયોંમેં રમણ કરતા હૈ, ઉસ તરહ યદિ વહ આત્માકો જાનનેમેં રમણ કરે, તો હે યોગિજનો! યોગી કહતે હૈં કિ જીવ શીઘ્ર હી નિર્વાણ પા જાય. ૮૬૦. *(શ્રી યોગીન્દુદેવ, યોગસાર, ગાથા- ૫૦)*

❀ શરીરકા સ્વભાવ અનિષ્ટ હૈ યહ સર્વ પદાર્થોંકો અશુદ્ધ કરનેકા સ્થાન હૈ ઐસા જાનો. શરીરકા મોહી જ્ઞાનસ્વભાવી આત્માકા શ્રદ્ધાન નહીં કર પાતા હૈ. ઈસ શરીરકા સ્વાગત કરના અનંત દુઃખોકા બીજ હૈ. ૮૬૧.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક- ૧૩૮)*

❑ ❑ ❑

કહાન સંવત-૨૫ વર્ષ-૬૧ અંક-૭ [૭૩૫]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત ૨૫૩૧ સં. ૨૫૬૧ January A.D. 2005


# શાસ્ત્ર-જ્ઞાનનું પ્રયોજન આત્મજ્ઞાન છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૨૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૮૩મી ગાથા ચાલે છે.

શાસ્ત્ર વાંચીને સાર એ છે કે પોતાના શુદ્ધસ્વરૂપ તરફ દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થવું. આ જ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય–ફળ છે.

આત્મા જોકે નિર્દોષતા-પવિત્રતા-શાંતિ પ્રગટ કરવા માંગે છે પણ તે નિર્દોષતા-પવિત્રતા-શાંતિ આત્મામાં જ છે. આત્મામાં શાંતિ-આનંદ આદિ ધ્રુવપણે અને પરિપૂર્ણપણે પડેલાં છે માટે આચાર્યો અને શાસ્ત્રો આત્માના આવા સ્વરૂપ તરફ ઝુકાવ કરવાનું કહે છે કેમ કે અનંતકાળમાં નહિ કરેલો એવો ધર્મ આ એક જ છે. તેમાં ન રહી શકે તો દયા, દાન, ભકિત-પૂજા આદિ શુભભાવ હોય છે પણ તે માત્ર પુણ્યબંધનું કારણ છે. આત્માના વીતરાગી પરિણામ પ્રગટ કર્યા વિના જન્મ-મરણનો અંત આવતો નથી.

ચોરાશીના અવતારનું કારણ મિથ્યાભ્રમ અને અજ્ઞાન છે. ભલે અત્યારે એ મનુષ્ય હોય કે દેવ હોય પણ તેની પાછળ નરક, તિર્યંચ, નિગોદના ભવ પડ્યાં જ છે. આવા અવતાર ન ધરવા હોય તો નિજ શુદ્ધાત્મા-વીતરાગમૂર્તિ-અખંડાનંદસ્વભાવ છે તેની દૃષ્ટિ કરીને તેમાં સ્થિરતા કરવી એ જ એક ઉપાય છે. માટે, અહીં કહ્યું કે પરમસમાધિમાં આરૂઢ થઈને નિજસ્વભાવનું ધ્યાન કરવું. આ એક જ વાત છે.

વસ્તુનો જે સ્વભાવ છે તે પોતામાં જ છે પણ તેને પોતાનું માહાત્મ્ય આવ્યું નથી

તેથી બહાર ફરે છે. પછી ભલે તે શાસ્ત્ર ભણે તોપણ ભણવાથી જન્મ-મરણનો અંત નથી અને જન્મ-મરણના અંત વિના શાંતિ કે સુખ થાય તેમ નથી. આ દેહ તો ભિન્ન છે, માટી છે, આત્મા તો તેનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છે તેનું ધ્યાન લગાવવું એ ભવથી છૂટવાનો ઉપાય છે.

જ્યાં સુધી ત્રણ ગુપ્તિ ન થાય, પરમસમાધિ ન આવે ત્યાં સુધી વિષય-કષાયોને હટાવવા માટે પરજીવોને ધર્મોપદેશ આપવો, તેમાં પણ પરના ઉપદેશના બહાને મુખ્યપણે પોતાના જીવને જ સંબોધન કરવું. અરે જીવો! મને આત્મસ્વભાવ રુચ્યો છે ને તમે પણ તેની રુચિ કરો. જેમ ઘરમાં મહેમાન આવે ત્યારે પોતાને જે ભાવતું હોય તે મહેમાનને જમાડે છે તેમ, પોતાને શુદ્ધાત્મભાવ રુચ્યો છે તો શુભવિકલ્પ વખતે બીજાને પણ શુદ્ધાત્માની રુચિનો ઉપદેશ આપે છે. જેમાં શુદ્ધાત્માની એકાગ્રતાનું સ્મરણ થાય એવો પ્રયત્ન પોતે કરે છે; પાઠમાં શબ્દ છે—शुद्धात्मभावना स्मरणदृढीकरणार्थ પોતાને શુદ્ધાત્માનું સ્મરણ દઢ થાય એવો ઉપદેશ બીજાને આપે છે.

અનંતકાળથી જીવને શુભાશુભભાવની મીઠાશ લાગી છે તે તો ઝેર છે. તેથી આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ તો અમૃતસ્વરૂપ છે. શુભાશુભભાવ તો તેનાથી વિરુદ્ધસ્વરૂપ છે. તેમાં આત્માની શાંતિથી વિરુદ્ધભાવ છે, તેની રુચિ છૂટીને આત્માના સ્વરૂપની રુચિ થઈ પણ જ્યાં સુધી તેમાં ઠરી ન શકે ત્યાં સુધી પોતાને શુદ્ધાત્માની ભાવના–એકાગ્રતાનું સ્મરણ થાય એવી વાત દુનિયાને કરે. ઉપદેશમાં જે વાણી છે તે તો જડ છે અને ઉપદેશમાં જે ભાવ છે તે શુભભાવ છે, તેમાં વાસ્તવિક તત્ત્વમાં એકાગ્રતા થાય એવી વાત કરવી. ભાઈ! તમારાં આત્મામાં પણ આનંદ છે. શુભાશુભભાવમાં તો દુઃખ છે. તેમાંથી હટીને આત્મામાં સ્થિર થવા યોગ્ય છે. એમ બીજાને ઉપદેશ આપવાના બહાને ધર્મીજીવ પોતાને ઉપદેશ આપે છે. અમને જે રુચે છે તે તમને કહીએ છીએ.

આત્મા વિશ્રામસ્થાન છે, તેમાં આરામ છે–સુખ છે એમ બીજાને સંબોધન કરીને મૂળ તો પોતાને એ વાતનું સ્મરણ કરાવે છે. જેમ, જે અલ્પજ્ઞતા અને રાગને છોડીને સર્વજ્ઞ અને વીતરાગ થયા તેમની વાણીમાં સર્વજ્ઞતા અને વીતરાગતાની જ વાત આવે છે તેમ, સંતો–જ્ઞાની પણ એ જ વાત કરે કે 'ભાઈ! તમારાં ધર્મનો ધારક ધર્મી તમે જ છો તેની રુચિ કરીને તેમાં જ સ્થિર થાઓ.' એવો ઉપદેશ આપીને ધર્મી પોતાના શુદ્ધાત્માના સ્મરણની ભાવનાને દઢ કરે છે. ઉપદેશનો વિકલ્પ છે અને પર તરફનું લક્ષ છે તેથી એ જ્ઞાન પરાવલંબી છે તોપણ એ પરાવલંબીજ્ઞાનમાં ધર્મી શુદ્ધાત્માની ભાવના દઢ કરે છે.

હું શુદ્ધાત્મામાં એકાગ્ર થવાનો અભિલાષી છું પણ એકાગ્ર ન થઈ શકું ત્યાં સુધી તમને પણ શુદ્ધાત્માની એકાગ્રતાનો ઉપદેશ આપું છું. ઉપદેશના બહાને હું મારા સ્વભાવનું જ સ્મરણ કરું છું.

પરમાત્મપ્રકાશમાં તો લાડવા તૈયાર કરીને પીરસી દીધાં છે. વનવાસી દિગંબર સંત યોગીન્દ્રદેવ તાડપત્ર ઉપર લખી ગયા છે. જીવોને સમજવું હોય તો સમજો, અમને વિકલ્પ ઊઠ્યો છે તેથી લખીએ છીએ પણ તે અમારી એકાગ્રતાનું કાર્ય નથી. દરેક આત્મા સર્વ સમૃદ્ધિવાન છે. સર્વ સમૃદ્ધિવાન એવા મારા આત્માનો મને પ્રેમ ઉપજ્યો છે, તેમાં જ ઠરી જવું છે પણ ઠરાતું નથી ત્યાં સુધી તમને કહેતા જઈએ છીએ કે તમે પણ તમારાં આત્માનો પ્રેમ કરો તો સુખી થશો. આમ કહીને પણ અમે તો અમારી ભાવનાને દૃઢ કરીએ છીએ.

અનંતકાળમાં આ એક જ કાર્ય જીવે કર્યું નથી. પોતાના વીતરાગ સ્વભાવને ઓળખીને તેમાં ઠર્યો નથી. કામ, ભોગ, બંધનની કથા જ એણે સાંભળી છે અને પરિચય કર્યો છે. તેમાં કાંઈ નવીન નથી. શુભાશુભભાવથી ભિન્ન વીતરાગસ્વભાવની વાત એણે કદી સાંભળી નથી, પરિચય કર્યો નથી, એ વાત કાને પડી તોપણ, તેનો અભ્યાસ કર્યો નથી. રાગથી ભિન્ન પડીને અખંડાનંદનો અભ્યાસ કર્યા વિના અનુભૂતિ થતી નથી. તેથી આ એક જ કાર્ય તારે બાકી રહી ગયું છે, બાકી શુભાશુભભાવ તો બધાં કર્યા અને તેના ફળ ભોગવ્યા છે. એ બધાં વિષતરુના ફળ છે, કર્મનો બંધ કરાવનારા છે.

ઘરમાં પુત્રો આજ્ઞાકારી હોય, સ્ત્રી અને પુત્રી પણ સારી હોય તો તેને પોતે સુખી હોય એમ લાગે છે પણ ભાઈ! એમાં સુખ ક્યાં આવ્યું! એ તો રાગની દશા છે તેમાં સુખ માનવું એ તો તારું અજ્ઞાન અને મૂઢતા છે. સર્વજ્ઞ પરમાત્માએ આત્માને રાગથી ભિન્ન વીતરાગસ્વરૂપ કહ્યો છે તેને શ્રદ્ધામાં લઈને તેમાં ઠરવું એ જ મારા સુખનું કારણ છે એમ જેને અનુભવમાં આવ્યું છે તે આત્મામાં ઠરી ન શકે ત્યાં સુધી બીજાને પણ એવો જ ઉપદેશ આપીને પોતાની શુદ્ધાત્મભાવનાનું સ્મરણ કરે છે. આમાં પરનું અવલંબન છે એટલું વ્યવહારજ્ઞાન છે, સ્વમાં એકાગ્રતા તે નિશ્ચયજ્ઞાન છે. તે નિશ્ચયજ્ઞાનના પ્રયોજન અર્થે જ વ્યવહારજ્ઞાનમાં તત્ત્વની વાત કરે છે કે વિકારથી તદ્દન નિરાળા આત્માની તમે રુચિ કરો, શુભાશુભભાવની રુચિ છોડો અને સ્વભાવની રુચિ કરીને તેમાં ઠરો.

આવા ઉપદેશ આદિમાં ધર્મીને રાગની મંદતા છે તેનાથી ક્ષયોપશમજ્ઞાન ઉઘડે છે પણ તે સ્વજ્ઞાન નથી. અંતરમાં જ્ઞાનાનંદમાં જેટલો લીન થઈને જ્ઞાન અને આનંદનો સ્વાદ લે છે તેમાં આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે.

દીપચંદજી કાસલીવાલ નામના સાધર્મી અઢીસો વર્ષ પહેલાં થઈ ગયાં, તેમણે ચિદ્‌વિલાસ, અનુભવપ્રકાશ વગેરેની રચના કરી છે. તેમાં એક 'આત્મ-અવલોકન' બનાવ્યું છે. તેમાં એક શ્લોકમાં લખ્યું છે કે મુનિઓ પોતાના રાગરહિત સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જ સ્મરણ કરે છે અને જ્યારે વિકલ્પમાં આવે છે ત્યારે ઉપદેશમાં મુહુ મુહુ....વારંવાર વીતરાગતાની જ વાત કરે છે કે જીવો! તમે પણ રાગરહિત આત્માનો અનુભવ કરો. દીપચંદજી સમ્યગ્દૃષ્ટિ હતાં અને બહુ સારાં અધ્યાત્મના દિગંબર પંડિત હતાં.

અહીં યોગીન્દુદેવ બીજી રીતે કહે છે કે જેને પોતાનો સ્વભાવ રુચ્યો છે તે દુનિયા પાસે પણ એ જ વાત કરીને શુદ્ધાત્મભાવનાનું સ્મરણ કરે છે. દીપચંદજીનો એ શ્લોક વાંચીએ...જુઓ આત્મ-અવલોકનમાં એ જ પાનું નીકળ્યું. ગુરુ અધિકારમાં શ્લોક છે કે 'જીવનું નિજ સ્વરૂપ વીતરાગ છે' એમ જે વારંવાર કહે છે તે જ ગુરુપદવીમાં શોભે છે. વીતરાગ-ભાવ...વીતરાગભાવ...વીતરાગભાવ જ આત્માનું સ્વરૂપ છે. એવા સ્વરૂપનો ઉપદેશ બીજાને આપીને પોતાને સંબોધન કરે છે. આત્મ-અવલોકન બહુ સરસ છે હો!

મુનિઓને તો એક જ વીતરાગસ્વભાવનો અભ્યાસ છે. વીતરાગભાવ, આનંદ-સ્વભાવ... નિર્વિકલ્પસ્વભાવ...આનંદસ્વભાવમાં રહેવું એ જ મુનિઓનું જીવન છે અને બીજાને ઉપદેશ પણ તેનો જ આપે છે. વીતરાગસ્વરૂપના જ બોલ મુનિઓ બોલે છે. આવા વીતરાગ-ભાવનો ઉપદેશ સુણીને આસન્નભવ્ય જીવને નિઃસંદેહપણે વીતરાગભાવની શુદ્ધિ થાય છે.

સંતોને બીજાને ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે તો આ જ વીતરાગભાવનું પોષણ કરે છે. વિકલ્પમાં એમને શાંતિ કે વિસામો નથી લાગતો પણ અંતરમાં ઠરી ન શકે ત્યારે પણ ઉપદેશ તો તેમાં ઠરવાનો જ આપે છે. વિષય-કષાયના ભાવમાં જતાં નથી. વિષય-કષાયના અશુભભાવથી બચવા માટે ઉપદેશ આદિનો શુભભાવ આવે છે પણ તેમાં શુભભાવનું પોષણ નથી. વીતરાગભાવનું સ્મરણ છે.

અહો! આત્માની વાત કાંઈ મીઠી લાગે છે!! રાગ વિનાની વાત છે પણ વીતરાગતાના રસવાળી મીઠી વાત છે. જ્ઞાની પરને ઉપદેશ આપીને પોતાને સમજાવે છે. જે માર્ગ બીજાને છોડાવે તે માર્ગે પોતે કેમ ચાલે! બીજાને ઉપદેશે કે વીતરાગભાવ ગ્રહણ કરો, મિથ્યાત્વ છોડો, રાગભાવથી લાભ નથી...તો પોતે તો રાગથી લાભ કેમ માને! મિથ્યાત્વને કેમ ગ્રહે! રાગ આવે જરૂર પણ તેનાથી લાભ ન માને. આમ, પોતાનું સંબોધન જ મુખ્ય છે. શુભભાવમાં શુદ્ધાત્મભાવથી ચ્યુત થવાય છે એમ માને છે તેથી રાગથી લાભ કેમ માને!

આ તો વીતરાગમાર્ગ છે ભાઈ! ભગવાન પાસે આ વાત સાંભળવા ઉપરથી ઈન્દ્ર આવે છે. સૌધર્મ અને ઈશાન દેવલોકના ઈન્દ્ર શકેન્દ્ર અને ઈશાનેન્દ્ર ત્રણ જ્ઞાનના ધારી હોય છે. શકેન્દ્ર તો ૩૨ લાખ વિમાનનો સ્વામી છે અને ઈશાનેન્દ્ર ૨૮ લાખ વિમાનનો સ્વામી છે. અર્ધલોકના સ્વામી એવા આ ઈન્દ્રો મધ્યલોકમાં ભગવાન પાસે આવે છે. બે સાગરની તેમની આયુષ્યની સ્થિતિ હોય છે તેમાં અસંખ્ય તીર્થંકરોના જન્મોત્સવ ઉજવે છે કેમ કે એક સાગરોપમમાં અસંખ્ય કરોડ પૂર્વ ચાલ્યા જાય છે તો આ ઈન્દ્ર બે સાગરની સ્થિતિમાં મહાવિદેહના અસંખ્ય તીર્થંકરોના કલ્યાણક ઉજવવા જાય છે. અહીં ભરતમાં તો તીર્થંકર ઓછા થાય. આવા ઈન્દ્રો પણ ભગવાન પાસે જે કથા સાંભળવા જાય છે તે વાણી કેવી હશે! ઈન્દ્ર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય છે અને તેનું રૂપ પણ બહુ સુંદર હોય છે. હજારો સૂર્ય અને ચંદ્ર કરતાં જેના વિમાનનો પ્રકાશ વધારે હોય છે. આવા ઈન્દ્ર જે વાણી સાંભળવા આવે છે તે વાણી શું સાધારણ હોય!

ભગવાનની વાણીમાં આવે છે કે અહો! ચૈતન્યનું સ્વરૂપ વીતરાગ પરમાનંદમય છે તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ કરો. ક્ષાયિક સમકિત અને વીતરાગચારિત્ર પ્રગટ કરો. એ વાણી જ એવી છે કે ઈન્દ્ર જેવા ઈન્દ્રને પણ તેનું વિસ્મય થાય છે. ધોધમાર દિવ્યધ્વનિમાં વીતરાગતાની વર્ષા થાય છે. ભગવાન તારું સ્વરૂપ મારી જેવું જ વીતરાગ સ્વરૂપ છે એવી રુચિ કરો અને પુણ્ય-પાપની રુચિ છોડો, સ્વરૂપની રુચિ કરો...આમ, જીવોને વાણીમાંથી એક વીતરાગભાવનું જ સંબોધન મળે છે. આ વાણી સાંભળવા ઈન્દ્રો અસંખ્ય યોજન દૂરથી પણ ભગવાન પાસે આવે છે એવી આ અલૌકિક કથા છે.

જ્ઞાની પણ ઉપદેશ આપે તો એવો જ ઉપદેશ આપે કે ભાઈ! મને વીતરાગભાવ રુચે છે, પુણ્ય-પાપ રુચતાં નથી. તું પણ વીતરાગભાવની રુચિ કર અને પુણ્ય-પાપની રુચિ છોડ! તમે પણ મનમાં વિચાર કરો તો શુભાશુભમાં આકુળતા લાગશે, રુચિ નહિ થાય. આમ આ ૮૩ ગાથા થઈ.

પરમાત્મપ્રકાશે તો પરમાત્માનો પ્રકાશ કરી દીધો છે. પ્રભુ! ચૈતન્યસૂર્યમાંથી અનંત જ્ઞાનના કિરણો ખીલે એવી તારી તાકાત છે તેની શ્રદ્ધા કર, પુણ્ય-પાપના ફળની શું કિંમત છે. બહારમાં સ્વર્ગાદિ વૈભવ મળે તેથી તારામાં શું વધે છે? જેમાં આત્માની શાંતિ અને સ્વતંત્રતા ન મળે એવા સુખની શું કિંમત છે?

આગળ, જ્ઞાન માટે શાસ્ત્ર ભણવા છતાં જેને આત્મજ્ઞાન નથી તે મૂર્ખ છે એવું કથન કરે છે.

જુઓ! અહીં બાહ્યક્રિયા કરે, વ્રત-તપ-જપ કરે એ તો શુભરાગ છે, દયા-દાનાદિ કરે એ પણ શુભરાગ છે, તેનાથી તો ધર્મ નથી જ પણ શાસ્ત્રનું જ્ઞાન કરે તેનાથી પણ ધર્મ નહિ થાય એ વાત અહીં કરે છે. અશુભથી બચવા શુભરાગ આવે જરૂર પણ કોઈ એમ માની લે કે તેનાથી જ મારા જન્મ-મરણનો અંત થશે, સમકિત થશે એ વાત નહિ બને. વીતરાગના આવા વચનામૃત કાયર જીવોને પ્રતિકૂળ લાગે છે.

'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

આ, શ્રીમદ્ રાજચંદ્રનો શ્લોક છે. ૩૩ વર્ષની ઉંમરે તો દેહ છૂટી ગયો હતો. તેમને આત્મભાન થયું હતું, આ તેમનો ફોટો છે.

એક બ્રહ્મચારી ભાઈ દક્ષિણમાંથી અહીં આવ્યાં અને આ વાત સાંભળીને તેણે પોતાના પિતાને પત્ર લખ્યો કે પિતાજીસાહેબ! તમે અહીં આવો અને આ વાત સાંભળો, (કેમ કે એ મોટા ગૃહસ્થ હતા, મંદિર બંધાવેલ, સાત પડિમાધારી હતાં પણ આ વાત સાંભળવા મળી ન હતી) જે આ વાત નહિ સમજે તે નરકાદિ ચાર ગતિમાં રખડશે— એવો પત્ર લખ્યો હતો. આત્મા શું છે તેની દૃષ્ટિ અને અનુભૂતિ કર્યા વિના પડિમા લઈ લેવાથી જન્મ-મરણનો અંત આવે તેમ નથી. પત્ર વાંચીને તેના પિતા તરત અહીં આવ્યાં અને સાંભળતાં-સાંભળતાં રડતાં-રડતાં બોલ્યાં કે અરે! મેં તો વાસ્તવિક વીતરાગમાર્ગ શું છે તે સમજ્યા વગર જ જિંદગી ગુમાવી...

ભાઈ! વાસ્તવિક તત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન વિના જે કાંઈ કરવામાં આવે છે તેનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. માટે અહીં કહે છે કે શાસ્ત્રજ્ઞાન કરે પણ આત્મજ્ઞાન ન કરે તો તે મૂર્ખ છે.

बोह–निमित्तें सत्थु किल लोइ पढिज्जइ इत्थु।
तेण वि बोहु ण जासु वरु सो किं मूढु ण तत्थु॥८४॥

અર્થ :—આ લોકમાં નિયમથી જ્ઞાનની પ્રાપ્તિ માટે શાસ્ત્ર ભણવામાં આવે છે પરંતુ શાસ્ત્ર ભણવાથી પણ જેને ઉત્તમ જ્ઞાન પ્રગટ ન થયું તે શું મૂર્ખ નથી? મૂર્ખ જ છે તેમાં સંદેહ નથી.

આ સાંભળીને જેને હજુ શાસ્ત્ર ભણવાના ઠેકાણાં નથી તેણે શાસ્ત્રનો અભ્યાસ

છોડી ન દેવો એમ નીચે ખાસ કહેશે. પણ અહીં તો પરસન્મુખ દૃષ્ટિપૂર્વક માત્ર શાસ્ત્ર ભણી લેવાથી તેનો કાંઈ અર્થ સિદ્ધ થતો નથી. એકલું શાસ્ત્રજ્ઞાન છે તે ઉત્તમ બોધ નથી. માટે એકલાં શાસ્ત્રજ્ઞાનથી તને શું લાભ છે! એમ આચાર્યદેવ કરુણાથી કહે છે, દ્વેષ નથી.

ઉત્તમજ્ઞાન કોને કહેવું?–કે ચૈતન્યસૂર્યની અંતરમુખ થઈને આત્માનો અભેદ બોધ–આત્મસ્વભાવમાંથી નીકળતો સમ્યક્ જ્ઞાનનો અંશ–સ્વાશ્રયે પ્રગટેલું આત્માનું જ્ઞાન તે ઉત્તમજ્ઞાન છે. બાકી અગિયાર અંગ અને નવપૂર્વ સુધી ભણી જાય, ચર્ચા-વાર્તા કરે અને તેનું પણ અભિમાન કરે કે અમને તો આ બધું આવડે છે, બીજાને નથી આવડતું....એવો અહંકાર કરે છે તે શું મૂઢ નથી? ખરેખર મૂઢ જ છે એમ આચાર્યદેવ કહે છે.

ભલે શાસ્ત્રનું જ્ઞાન થોડું હોય પણ આત્માનું જ્ઞાન પ્રગટ કરી લીધું તો એ જ્ઞાનને ઉત્તમજ્ઞાન કહેવાય છે. ભગવાન આત્માના જ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાનના આધારે વાદ-વિવાદ કરે છે એ પણ જૂઠો છે. તેથી તો બનારસીદાસજી સમયસાર–નાટકમાં લખે છે કે 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા' સત્ય શું છે તેની દૃષ્ટિ અને જ્ઞાન વિના તું શેનો વિવાદ કરે છે? તને વસ્તુનું તો ભાન નથી. આદિપુરાણમાં જિનસેનસ્વામીએ તો ત્યાં સુધી કહ્યું કે આત્માના જ્ઞાન વિના એકલાં શાસ્ત્રજ્ઞાનથી શાસ્ત્રના પાના બતાવીને બોલે છે એ તો અક્ષરમ્લેચ્છ છે. આ વાત સમયસાર નાટકના જીવદ્વારમાં ત્રીજા પદ્યની ફૂટનોટમાં લખી છે. જિનવાણીની મહિમા દર્શાવતાં બનારસીદાસજી લખે છે કે અનંત નયાત્મક અને સિદ્ધાંતસ્વરૂપ જિનવાણીના મર્મને જ્ઞાનીજીવ જ ઓળખે છે, અજ્ઞાની–મૂર્ખ જીવો તેને સમજતાં નથી.

'અક્ષર' એવા ભગવાન આત્માનું તો જ્ઞાન નથી–ભાન નથી અને શાસ્ત્રમાં–વ્યાકરણમાં આમ લખ્યું છે, આ કોષમાં આમ લખ્યું છે—એમ શાસ્ત્રજ્ઞાનથી પોતાને પંડિત માને છે તે અક્ષરમ્લેચ્છ છે. કથાનુયોગનું શાસ્ત્ર હોવા છતાં આદિપુરાણમાં જિનસેનસ્વામીએ આવું લખ્યું છે.

ભાવાર્થ :—આ લોકમાં, જોકે, લોકવ્યવહારથી નવીન કવિતાના કર્તા 'કવિ', પ્રાચીન કાવ્યોની ટીકાના કર્તાને 'ગમક', જેને વાદમાં કોઈ જીતી ન શકે એવા વાદિત્વ અને શ્રોતાઓના મનને અનુરાગી કરવાવાળા શાસ્ત્રના વકતાને 'વાગ્મિત્વ' ઈત્યાદિ લક્ષણોવાળું શાસ્ત્રજનિત જ્ઞાન હોય છે તોપણ, નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનની જ અધ્યાત્મશાસ્ત્રોમાં પ્રસંશા કરવામાં આવી છે.

વચનમાં ચતુર, ભાષાથી બરાબર સમજાવે અને શ્રોતાના મનને અનુરાગી કરે એવા વકતા હોય તોપણ શાસ્ત્રમાં તેની પ્રસંશા કરવામાં આવી નથી. કેમકે એ પરાવલંબીજ્ઞાન છે. રાગરહિત વીતરાગી જ્ઞાનનું સ્વસંવેદન કરતાં 'જ્ઞાન'ની જ અધ્યાત્મશાસ્ત્રોમાં પ્રસંશા કરવામાં આવી છે. એકલાં શાસ્ત્રજ્ઞાનની કોઈ મહિમા નથી. માટે, સ્વસંવેદનજ્ઞાન વિના શાસ્ત્રોનાં ભણેલાં જીવો પણ મૂર્ખ છે.

યોગસારમાં પણ કહ્યું છે કે 'શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ...' પરમાત્મપ્રકાશ અને યોગસાર બંનેના કર્તા યોગીન્દુદેવ છે. યોગીન્દુદેવે આવી કડક ભાષા વાપરી છે તે પણ કરુણાથી વાપરી છે કે હે જીવ! આમાં તારું હિત કયાં આવ્યું? થોડું શાસ્ત્રજ્ઞાન ભલે હો પણ સ્વસંવેદન હશે તો મુકિત થશે–કલ્યાણ થશે. એકાદ-બે ભવમાં જ મુકિત થઈ જશે માટે શાસ્ત્રોમાં સ્વસંવેદનજ્ઞાનની જ પ્રસંશા કરી છે, બીજા કોઈ જ્ઞાનની પ્રસંશા કરી નથી.

આમ, થોડું જ્ઞાન હો પણ આત્માનું જ્ઞાન છે તો પ્રસંશનીય છે અને ઘણું જ્ઞાન હોય પણ આત્માનું જ્ઞાન નથી તો તે પ્રસંશનીય નથી. એ વાત વિશેષ આગળ કહેશે.

આવું જ કથન ગ્રંથોમાં દરેક જગ્યાએ કહ્યું છે કે વૈરાગ્યમાં લાગેલાં, જે મોહશત્રુને જીતવાવાળા છે તેઓ થોડા શાસ્ત્રોને ભણીને પણ સુધરી જાય છે–મુકત થઈ જાય છે અને વૈરાગ્ય વિના ઘણાં શાસ્ત્રોને ભણવા છતાં પણ મુકત થઈ શકતાં નથી આ નિશ્ચય જાણવો. પરંતુ આ કથન અપેક્ષાથી છે. આ બહાનાથી શાસ્ત્ર વાંચવાનો અભ્યાસ છોડવો નહિ અને જે વિશેષ શાસ્ત્રના પાઠી છે તેને દૂષણ ન દેવું. જે શાસ્ત્રના અક્ષર બતાવી રહ્યાં છે અને આત્મામાં ચિત્ત લગાવતાં નથી તેણે કણરહિત ભૂસાનો ઢેર કરી લીધો છે તે કાંઈ કામનો નથી એમ જાણવું.

આવી પીઠિકામાત્ર સાંભળીને વિશેષ શાસ્ત્રજ્ઞ છે તેની નિંદા ન કરવી અને જે બહુશ્રુત છે તેણે અલ્પશાસ્ત્રજ્ઞોની નિંદા ન કરવી જોઈએ. કેમ કે પરના દોષ ગ્રહણ કરવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે, તેનાથી જ્ઞાન અને તપનો નાશ થાય છે આમ નિશ્ચયથી જાણવું.

(ક્રમશઃ)

# જ્ઞાનીજીવોનું અંતર-હૃદય

(શ્રી 'સમયસાર નાટક' શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૦૫)

આ, સમયસાર નાટકનો નવમો મોક્ષદ્વાર અધિકાર છે. તેમાં ત્રીજો કળશ બોલાઈ ગયો છે. તેના પદ્યમાં જ્ઞાનીજીવોની વિચારધારા બતાવી છે.

कोऊ अनुभवी जीव कहै मेरे अनुभौमैं,
लक्षन विभेद भिन्न करमको जाल है।
जानै आपा आपुकौं जु आपुकरि आपुविषैं,
उतपति नास ध्रुव धारा असराल है॥
सारे विकलप मोसौं न्यारे सरवथा मेरौ,
निहचै सुभाव यह विवहार चाल है।
मैं तौ सुद्ध चेतन अनंत चिनमुद्रा धारी,
प्रभुता हमारी एकरूप तिहुं काल है॥९॥

અર્થ :—આત્માનુભવી જીવ કહે છે કે અમારા અનુભવમાં આત્મસ્વભાવથી વિરુદ્ધ ચિહ્નની ધારક કર્મોની જાળ અમારાથી ભિન્ન છે, તેઓ પોતે પોતાને પોતા દ્વારા પોતાનામાં જાણે છે. દ્રવ્યની ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રિગુણધારા જે મારામાં વહે છે તે વિકલ્પો વ્યવહારનયથી છે, મારાથી સર્વથા ભિન્ન છે. હું તો નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધ અને અનંત ચૈતન્યમૂર્તિનો ધારક છું, મારું આ સામર્થ્ય સદા એકસરખું રહે છે—કદી ઘટતું-વધતું નથી.

સમ્યગ્દ્રષ્ટિને અનુભવમાં આ પ્રમાણે હોય છે તે કહે છે. અનાદિથી જે દુઃખનો અને વિકારનો-વિભાવનો અનુભવ કરતો હતો તે મિથ્યાદ્રષ્ટિ હતો. તેને જ્યારે સ્વરૂપનો અનુભવ થાય છે તે એમ માને છે કે હું તો ચૈતન્ય લક્ષણી જીવ છું. પુણ્ય-પાપના વિકલ્પો છે તે તો કર્મની જાળ છે. અહો! જ્ઞાનાનંદસ્વભાવે અનુભવમાં આવે છે તે હું છું, રાગ ઉઠે છે તે મારી ચીજ નથી. આ ધર્મીનું મંતવ્ય છે અને આ જ ધર્મીનું હૃદય છે.

जानै आपा....હું જાણનાર અને જાણવું તે મારું કાર્ય એવા ભેદ પણ મારામાં નથી. હું રાગ વડે નહિ, પુણ્ય વડે નહિ પણ હું મારા વડે જ મારું કાર્ય ઉપજાવું છું એવા ભેદ પણ જ્ઞાનીને અનુભવમાં હોતા નથી.

હું કર્તા, વીતરાગી પરિણામ એ મારું કાર્ય, વીતરાગીસ્વભાવ વડે મારા વીતરાગ પરિણામ થાય, વીતરાગી ત્રિકાળ સ્વભાવના આધારે મારું કાર્ય થાય, મારું કાર્ય મારામાંથી થાય અને કાર્ય કરીને હું મને જ આપું એવા છ કારકના ભેદ પડે છે તે બધી વ્યવહારચાલ છે. સમયસારમાં ૭૩ ગાથામાં આવે છે કે ષટ્કારકની અનુભૂતિથી હું ભિન્ન છું. પોતાના ષટ્કારકની આ વાત છે હો! રાગથી મારું કાર્ય થાય એ તો વાત જ નથી કેમ કે એ તો કર્મજાળ છે. વિકલ્પદશા એ મારા સ્વરૂપમાં નથી અને મારું કાર્ય પણ નથી.

આ તો આત્માર્થીની વાત છે ભાઈ! જેને આત્મા સિદ્ધ કરવો છે તેને આ રીતે સિદ્ધ થઈ શકે છે. આ મોક્ષ અધિકાર છે ને! એટલે તેમાં સિદ્ધ થવાની વાત છે. તેમાં પ્રથમ આત્માને તેના લક્ષણથી નક્કી કરે છે કે હું તો જ્ઞાન અને આનંદ લક્ષણે લક્ષિત છું અને વિકાર તો દુઃખ લક્ષણથી લક્ષિત છે. માટે એ બેમાં ભેદ છે અને આત્મામાં ષટ્કારકના ભેદ પડે છે તે પણ વ્યવહારની જાળ છે, વસ્તુ અભેદ છે.

આત્મા 'કર્તા', સ્વભાવ એનું 'કાર્ય', સ્વભાવ વડે કાર્ય કરે માટે સ્વભાવ જ 'કરણ', સ્વભાવમાંથી કાર્ય થાય, સ્વભાવના આધારે કાર્ય થાય અને સ્વભાવનું કાર્ય સ્વભાવમાં જ રહે આવી છ પ્રકારની જાળ વ્યવહાર છે. હજુ તો વ્યવહારરત્નત્રયના વિકલ્પને હેય માનવામાં પરસેવા ઉતરે છે ત્યાં અહીં તો અભેદ વસ્તુમાં છ પ્રકારના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે, હેય છે એમ સમજાવે છે.

આ મોક્ષ અધિકાર છે. મોક્ષના કારણમાં વ્યવહારરત્નત્રયરૂપ વિભાવ તો કર્મજાળ છે અને ષટ્કારકની પ્રવૃત્તિ એ વ્યવહારચાલ છે એ હું નથી. સામાન્ય માણસને એમ લાગે કે આ બધું ઉથાપે છે. હા ભાઈ! ચૈતન્યના અભેદ અનુભવ સિવાય બીજું બધું ઉથાપવા જેવું છે. અભેદ ચૈતન્ય ભગવાન જ મોક્ષનું કારણ છે. ભેદ પાડવા તે મોક્ષનું કારણ નથી. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ત્રણ ભેદ પાડવા તે પણ વ્યવહાર છે. પર્યાયદૃષ્ટિમાં આ ત્રણ લક્ષમાં આવે છે. અભેદ વસ્તુની દૃષ્ટિમાં આવા ભેદો લક્ષમાં આવતાં નથી. અભેદના અનુભવમાં ભેદ લક્ષમાં આવતા નથી.

આ જ્ઞાનીજીવોનું અંતર-હૃદય છે. સારે વિકલ્પ મોસૌં ત્યારે....મારો નિશ્ચય સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે તે સિવાય બધાં વિકલ્પો વ્યવહારચાલ છે, તેનું લક્ષ કરવા જેવું નથી. દ્રવ્યની હયાતિ અભેદ છે તેના અનુભવમાં ભેદ હોતાં નથી. મૈં તૌ સુદ્ધ ચેતન અનંત ચિનમુદ્રા ધારી....કર્મજાળ મારાંથી જુદી છે, ષટ્કારક ભેદ પણ અભેદ વસ્તુમાં નથી. મારી પ્રભુતા અભેદસ્વભાવમાં છે. હું અદ્વૈત ચૈતન્ય એકરૂપ છું તેમાં દ્વૈત નથી એકલો વીતરાગનો પિંડ છું.

અરે! આત્માના આંગણે જવું અને તેનો અભેદ અનુભવ કરવો તેમાં તો અનંત પુરુષાર્થ છે. આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. તેને સરળ કહો કે યથાર્થ કહો-જેમ છે તેમ કહો પણ ઉપાય આ એક જ છે. ઉત્પાદ-વ્યય અનેક છે, વ્યવહાર અનેક છે, ષટ્કારક અનેક છે પણ અમારી પ્રભુતા સદાકાળ એકરૂપ છે, એ જ મારી મોટપ છે, એ જ મારું ગૌરવ છે.

બાપુ! આ તારા ઘરની વાત છે. એકસ્વરૂપમાં તારી મોટપ છે, ભેદમાં તારી મોટપ નથી, ત્યારે તું તો લક્ષ્મી અને આબરૂ આદિથી પોતાની મોટપ માને છો એ તો બધાં રખડી મરવાના ધંધા છે. ધ્રુવસ્વરૂપ સદા એકરૂપ છે તેમાં વધઘટ કદી થતી જ નથી. કેવળજ્ઞાન થાય તોપણ ધ્રુવમાં કાંઈ વધતું નથી અને અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન હતું ત્યારે પણ ધ્રુવમાંથી કાંઈ ઘટયું નથી. વસ્તુસ્થિતિ જ આવી છે, આવી વસ્તુના અનુભવમાં ભેદપણું હંમેશા હેયપણે જ રહે છે, ઉપાદેયપણે રહેતું નથી.

આ ત્રીજા કળશનો અર્થ થયો. હવે ૪થા કળશ ઉપર ૧૦મુ પદ્ય કહે છે.

निराकार चेतना कहावे दरसन गुन,
साकार चेतना सुद्ध ज्ञान गुनसार है।
चेतना अद्वैत दोऊ चेतन दरब मांहि,
सामान विशेष सत्ताहीकौ विसतार है॥
कोऊ कहै चेतना चिहन नांही आतमामैं,
चेतनाके नाश होत त्रिविध विकार है।
लक्षनकौ नाश सत्ता नास मूल वस्तु नास,
तातै जीव दरबकौ चेतना आधार है॥१०॥

આત્માનું લક્ષણ એક અદ્વૈત ચેતન હોવા છતાં તે લક્ષણના જ્ઞાન-દર્શન એવા બે ભેદ પડે છે. આ ચેતના જ દ્રવ્યનો આધાર છે એમ કહ્યું છે કેમ કે ચેતનાનું સ્વરૂપ સિદ્ધ કરવું છે ને! પ્રવચનસારમાં પણ ચેતનાને આધાર અને દ્રવ્યને આધેય કહ્યું છે. પર્યાયને 'કર્તા' અને દ્રવ્યને 'કર્મ' એમ પણ કહેવાય છે અપેક્ષા સમજવી જોઈએ.

અર્થ :—ચૈતન્યપદાર્થ એકરૂપ જ છે પણ દર્શનગુણને નિરાકાર ચેતના અને જ્ઞાનગુણને સાકાર ચેતના કહે છે. ત્યાં આ સામાન્ય અને વિશેષ બંને એક ચૈતન્યના જ ભેદો છે, એક જ દ્રવ્યમાં રહે છે. વૈશેષિક આદિ મતવાદીઓ આત્મામાં ચૈતન્યગુણ માનતા નથી, તેથી તેમને જૈનમતવાદીઓનું કહેવું છે કે ચેતનાનો અભાવ માનવાથી ત્રણ દોષ ઉત્પન્ન થાય છે. પ્રથમ તો લક્ષણનો નાશ થાય છે, બીજું લક્ષણનો નાશ થવાથી સત્તાનો નાશ થાય છે, ત્રીજું સત્તાનો નાશ થવાથી મૂળ વસ્તુનો જ નાશ થાય છે. તેથી જીવદ્રવ્યનું સ્વરૂપ જાણવા માટે ચૈતન્યનું જ અવલંબન છે.

निराकार चेतना कहावै दरसन गुन.... નિરાકાર એટલે ભેદ નહિ, વિશેષ નહિ, અનેકતા નહિ, એકરૂપ ચેતનામાં નિરાકારપણું પરિણમે તેને દર્શનગુણ કહે છે અને જે ભેદ પાડીને જાણે તેને સાકારચેતના અથવા જ્ઞાનગુણ કહેવામાં આવે છે. એક જ સમયમાં નિરાકાર ચેતના દ્વારા જીવ અભેદપણે દેખે છે અને સાકારચેતના વડે દ્રવ્ય, ગુણ, પર્યાય બધાંને ભેદ પાડીને જાણે છે.

ફૂટનોટ :—પદાર્થને જાણવા પહેલાં પદાર્થના અસ્તિત્વનું જે કિંચિત્ ભાન થાય છે તે દર્શન છે. 'આકાર એટલે વિશેષતા' તે જેનામાં નથી એ દર્શન-ઉપયોગ છે. જેમાં કોઈ ભેદનું દેખવું નથી તે દર્શનચેતના છે. દર્શન એ નથી જાણતું કે પદાર્થ કેવા આકારનો કે કેવા રંગનો છે. એ તો સામાન્ય અસ્તિત્વને જ દેખે છે. 'છે' એટલું માત્ર જાણે છે તે દર્શન છે 'આ છે' એવો ભેદ પણ તેમાં નથી તેથી જ દર્શનગુણ નિરાકાર અને સામાન્ય છે. એમાં મહાસત્તા અર્થાત્ સામાન્યસત્તાનો પ્રતિભાસ થાય છે. આકાર, રંગ આદિનું જાણવું તે જ્ઞાન છે તેથી જ્ઞાન સાકાર છે, સવિકલ્પ છે. સવિકલ્પ એટલે સ્વ અને પર, ભેદ અને અભેદ બધાંને જાણે છે. સવિકલ્પનો અર્થ અહીં 'રાગ' ન લેવો. વિકલ્પ એટલે ભેદ સહિત જાણવું એવું જ્ઞાનનું સ્વરૂપ છે. વિશેષપણે જાણે તે જ્ઞાન છે. તેમાં અવાંતરસત્તા અર્થાત વિશેષસત્તાનો પ્રતિભાસ થાય છે. (વિશેષ સમજવા માટે બૃહદ્દ્રવ્યસંગ્રહની 'जं सामण्णं गहण' આદિ ગાથાઓનું અધ્યયન કરવું જોઈએ.)

साकार चेतना सुद्ध ज्ञानगुन सार है।....વિવિધતા સહિત જણાય માટે તે જ્ઞાન અશુદ્ધ

છે એમ નથી. સાકારચેતના અનેકને અનેકપણે જાણે તેથી કાંઈ ચેતના અશુદ્ધ થઈ જતી નથી. ચેતનાનો સ્વભાવ જ એવો છે ચેતના અદ્વૈત-એક છે પણ આ બંને ભેદ તેમાં આવી જાય છે. સામાન્યચેતના તે દર્શન અને વિશેષચેતના તે જ્ઞાન–આ બંને એક ચૈતન્યના ભેદ છે–વિસ્તાર છે.

કોઈ એમ કહે છે કે આત્મામાં ચૈતન્ય લક્ષણ નથી તો એમ માનવામાં ત્રણ મોટા દોષ આવે છે : (૧) ચેતના લક્ષણનો નાશ થાય છે (૨) લક્ષણનો નાશ થવાથી વસ્તુના હોવાપણાનો જ અભાવ થાય છે અને તેથી (૩) મૂળ વસ્તુનો જ નાશ થાય છે.

तातै जीव दरबकौ चेतना आधार है। અહીં ચેતનાને વ્યાપક અને આત્માને વ્યાપ્ય કહ્યો છે તેથી વ્યાપક અને વ્યાપ્યનો નાશ થઈ જાય છે. આત્મા વ્યાપક છે અને ગુણ-પર્યાય તેના વ્યાપ્ય છે એ બીજી વાત છે. અહીં તો ચેતના વ્યાપક છે અને ચૈતન્ય તેનું વ્યાપ્ય છે. વ્યાપક છે તે આધાર છે અને વ્યાપ્ય છે તે આધેય છે. ચેતનાના આધારે દ્રવ્ય રહેલું છે માટે જો ચેતના કાયમ રહેનારી ન હોય તો દ્રવ્ય પણ કાયમ ન રહે. લક્ષણનો નાશ થતાં દ્રવ્યનો જ સત્યાનાશ થઈ જાય.

આ વસ્તુની સ્થિતિ છે. તેની મર્યાદા બતાવે છે–તેમાં વિકાર નથી, કર્મજાળ નથી, અદ્વૈત એક છે છતાં તેના બે ભાગ છે. નિરાકાર–દર્શનચેતના અને સાકાર–જ્ઞાનચેતના. જો આ લક્ષણ ન હોય તો વસ્તુનો જ નાશ થાય. ચેતના લક્ષણવાળી સત્તા વિના સત્તાવાન આત્માનો જ અભાવ ઠરે છે.

આવી વિચારણામાં રહે તો કોઈપણ ઝઘડાં ઊભા ન થાય. અમારો માર્ગ જ સાચો છે એમ મારાપણું કરીને અધિકતા મનાવવી હોય ત્યાં ઝઘડાં ઊભા થાય છે. સર્વજ્ઞ ભગવાને કહેલો આત્માનો ધર્મ કે જે ત્રણકાળ ત્રણલોકને જાણનારું તત્ત્વ છે તેને જાણવો તે વિશ્વધર્મ છે. એ સિવાય બીજો કોઈ વિશ્વધર્મ નથી. પોતાની કલ્પનાથી એક આત્મા અદ્વૈત છે એમ માને તેથી કાંઈ તે ધર્મ થઈ જતો નથી.

આ વાત શું કામ સમજાવે છે કે આત્મા સામાન્ય અને વિશેષપણે જાણનારી સત્તા છે તો એ બેમાંથી એક પણ પ્રકારને કાઢી નાખો તો વસ્તુ જ રહેતી નથી. માટે જેને આત્મા સાધવો હોય તેણે આત્મા એકરૂપ હોવા છતાં સામાન્ય-વિશેષ બંને પ્રકારે જાણનારો છે એવું સ્વરૂપ એણે જાણવું જોઈએ. આશ્રય તો એકરૂપ ભગવાન આત્માનો કરવો પણ તેનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું. આત્મામાં કર્તા-કર્મ સમજવું હોય તો કર્તા વ્યાપક છે અને

કર્મ તેનું વ્યાપ્ય છે, પણ અહીં તો ચેતના વડે આત્માને સિદ્ધ કરવો છે માટે ચેતના વ્યાપક છે અને ચેતન-આત્મા વ્યાપ્ય છે. ચેતના કાયમ રહેનારી છે માટે તેના આધારે દ્રવ્ય રહેલું છે. ચેતનાનો નાશ થાય તો દ્રવ્યનો પણ નાશ થાય માટે વ્યાપક એવી ચેતનાના આધારે વ્યાપ્ય એવું ચૈતન્ય રહેલું છે. તેથી જીવદ્રવ્યનું સ્વરૂપ જાણવા માટે ચૈતન્યનું અવલંબન છે. હવે ૧૧મા પદ્યમાં શું કહે છે?

चेतन लक्षन आतमा, आतम सत्ता मांहि।
सत्तापरिमित वस्तु है, भेद तिहूमैं नाहि॥११॥

અર્થ :—આત્માનું લક્ષણ ચેતના છે અને આત્મા સત્તામાં છે, કારણ કે સત્તાધર્મ વિના આત્મ-પદાર્થ સિદ્ધ થતો નથી અને પોતાની સત્તાપ્રમાણ વસ્તુ છે. દ્રવ્ય અપેક્ષાએ ત્રણેમાં ભેદ નથી, એક જ છે.

પરિણામી દ્રવ્ય, પરિણામ તેનું કર્મ અને પરિણતિ તે ક્રિયા એવા ત્રણ નામ છે પણ વસ્તુ એક છે.

'કર્તા' પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ,
ક્રિયા પર્યાયકી ફેરની, વસ્તુ એક ત્રય નામ.'

પરિણામી, પરિણામ અને પરિણમવાની ક્રિયા એ ત્રણેય એક વસ્તુમાં છે.

આત્માનું લક્ષણ ચેતના છે અને આત્મા તેની સત્તામાં છે, માટે ચેતના અને આત્માની સત્તા જુદી નથી. અને સત્તાના પ્રમાણમાં જ વસ્તુ છે માટે ચૈતન્યની સત્તાના પ્રમાણમાં જ વસ્તુની સ્થિતિ છે.

સ્થૂળબુદ્ધિવાળાને આ બધું સમજાય નહિ એટલે એ લોકો વ્રત પાળવા અને તપસ્યા કરવી, જાત્રાઓ કરવી, કરાવવી અને દાન કરવું એ બધામાં ધર્મ માનીને તેમાં રોકાઈ જાય છે.

ઉપાદાન-નિમિત્તના દોહામાં દયા, દાન, પૂજા એ ત્રણ નામ લીધા છે કે તેનાથી જગતના સુખ મળે છે પણ આત્માનું સુખ તેનાથી મળતું નથી. પુણ્યથી સંયોગ મળે પણ તેમાં ક્યાંય સુખ નથી. સુખની સત્તા તો આત્મામાં છે. જેમ ચેતનાની સત્તા આત્મામાં છે તેમ સુખની સત્તા પણ આત્મામાં છે. આત્મામાં સુખ નહિ માનનારે આત્માને પણ માન્યો નથી કેમ કે સુખ અને આત્મા બંને એક જ ચીજ છે. 'આત્મા', આત્માનું 'લક્ષણ' અને

'આત્માની સત્તા' એ ત્રણ વસ્તુ નથી, એક જ વસ્તુ છે.

હવે ૧૨મા પદ્યમાં બનારસીદાસજી પોતે આત્માનું નિત્યપણું બતાવે છે.

ज्यौं कलधौत सुनार की संगति,
भूषन नाम कहै सब कोई।
कंचनता न मिटी तिहि हेतु,
वहै फिरि औटिकै कंचन होई॥
त्यौं यह जीव अजीव संजोग,
भयौ बहुरूप भयौ नहि दोई।
चेतनता न गई कबहू,
तिहि कारन ब्रहम कहावत सोई॥११॥

અર્થ :—જેવી રીતે સોની દ્વારા ઘડવામાં આવતાં સોનું ઘરેણાના રૂપમાં થઈ જાય છે પણ ગાળવાથી પાછું સોનું જ કહેવાય છે, તેવી જ રીતે આ જીવ, અજીવરૂપ કર્મના નિમિત્તે અનેક વેષ ધારણ કરે છે પણ અન્યરૂપ થઈ જતો નથી કારણ કે ચૈતન્યનો ગુણ ક્યાંય ચાલ્યો જતો નથી, એ જ કારણે જીવને સર્વ અવસ્થાઓમાં બ્રહ્મ કહે છે.

જેમ, સોનું આભૂષણરૂપે થવા છતાં તેનું સોનાપણું કાંઈ ઘટી જતું નથી. સોનાપણું રાખીને સોનાના જુદાં જુદાં આકાર થાય છે તેથી તેને ગાળતાં સોનું જ રહે છે. તેમ આ જીવ જડકર્મોના નિમિત્તે અનેકરૂપને ધારણ કરે છે પણ તે કાંઈ જડ થયો નથી કે રાગરૂપ પણ થઈ ગયો નથી. જીવ શરીરમાં અને રાગમાં દેખાવા છતાં તેની ચેતનતા ક્યાંય ગઈ નથી. ચેતનતા એમ ને એમ જ રહી છે માટે જ જીવને બ્રહ્મ કહેવામાં આવે છે. બીજી અવસ્થાઓ થવા છતાં તેનો બ્રહ્માનંદ સ્વભાવ ટળ્યો નથી. આવા ચેતના સ્વભાવને ધરનાર ચેતનનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે એમ અહીં સિદ્ધ કરવું છે.

(ક્રમશઃ)

## જિનવાણી-પ્રકાશનના સ્થાયી પુરસ્કર્તૃત્વ લાભનું આયોજન

આ યોજના અંતર્ગત શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થનારા શ્રી સમયસાર આદિ પરમાગમ, વચનામૃત-ગ્રંથ તથા અન્ય પ્રવચન ગ્રંથો વગેરેમાં દાતાનું નામ 'પ્રકાશન-પુરસ્કર્તા'ના રૂપમાં તે તે ગ્રંથમાં સ્થાયીરૂપે મુદ્રિત કરવામાં આવે છે. જે શાસ્ત્રો માટે 'પ્રકાશન-પુરસ્કર્તા'ના રૂપમાં જે મહાનુભાવોના નામ નિશ્ચિત થયા છે તે નીચે પ્રમાણે છે.

| શાસ્ત્રનું નામ (ગુજરાતી) | સ્થાયી પુરસ્કર્તા | વેચાણમાં ઉપલબ્ધ છે. |
|---|---|---|
| સમયસાર | અનસૂયાબેન કે. શેઠ હ. વિજય શેઠ, મુંબઈ | હા. |
| પ્રવચનસાર | પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ, સોનગઢ | હા. |
| પંચાસ્તિકાય | ગિરધરલાલ ઠાકરશી મોદી-પરિવાર, મુંબઈ | હા. |
| નિયમસાર | ડૉ. કાન્તીલાલ અમીચંદ કામદાર-પરિવાર, મદ્રાસ | હા. |
| ગુરુ. વચનામૃત | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા. |
| બહેનશ્રી વચનામૃત | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા. |
| બહેનશ્રીનો જ્ઞાનવૈભવ | જ્યોતીબેન વી. શાહ, મુંબઈ | હા. |
| વચનામૃત પ્રવચન ભાગ-૧ | અજિતભાઈ રવાણી-પરિવાર, અમેરિકા | હા. |
| વચનામૃત પ્રવચન ભાગ-૨ | અજિતભાઈ રવાણી-પરિવાર, અમેરિકા | હા. |
| આત્મવૈભવ | ઈન્દીરાબેન નીતીનભાઈ ભીમાણી, અમેરિકા | હા. |
| આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચન | લલીતાબેન હંસરાજ શાહના સ્મરણાર્થે, લંડન | હા. |
| સમયસાર કલશ ટીકા | ભીખાલાલ મગનલાલ શાહ-પરિવાર, દહેગામવાળા | પ્રેસમાં |
| વચનામૃત પ્રવચન ભાગ-૩ | ગંગાબેન પ્રેમચંદ કે. શાહ, નાયરોબી | હા. |
| વચનામૃત પ્રવચન ભાગ-૪ | પ્રભુદાસ તારાચંદ કામદાર-પરિવાર, સોનગઢ | હા. |
| સમાધિતંત્ર | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા. |
| પુરુષાર્થસિદ્ધ-ઉપાય | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા. |
| દ્રવ્યસંગ્રહ | બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ, વઢવાણ | હા. |
| સર્વ સામાન્ય પ્રતિક્રમણ | કંચનબેન હેમતલાલ વોરા-પરિવાર, મુંબઈ | હા. |
| આલોચના | સુધાબેન રમણીકલાલ શાહ, લંડન | હા. |
| મોક્ષમાર્ગપ્રકાશક | લલીતાબેન હંસરાજ શાહના સ્મરણાર્થે, લંડન | પ્રેસમાં |
| પરમાત્મપ્રકાશ | દુધીબેન જેઠાલાલ શાહના સ્મરણાર્થે, ખાર | પ્રેસમાં |
| છઢાળા | લતાબેન અનંતરાય શાહ, જલગાંવ | હા. |
| ઈષ્ટોપદેશ | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર, અમેરિકા | હા. |
| બહેનશ્રીની સાધના-વાણી | મધુરભાઈ મહેતા, હોંગકોંગ | હા. |
| સમયસાર હરિગીત | કનકબેન કીરીટભાઈ શાહ-પરિવાર, પાર્લા | હા. |

| | | |
|---|---|---|
| નિયમસાર હરીગીત | ચીમનલાલ છો. જોબાળીયા-પરિવાર, મુંબઈ | હા. |
| જૈન સિદ્ધાંત પ્રવેશીકા | રમાબેન હસમુખભાઈ શાહ, યુ.એસ.એ. | હા. |
| દશલક્ષણ ધર્મ પ્રવચન | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર અમેરિકા | હા. |
| જિનેન્દ્ર પૂજાસંગ્રહ | શ્રી જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ, યુ.એસ.એ. | હા. |
| નંદીશ્વર ભજન-પૂજન | ભોગીલાલ ચત્રભુજ દોશી-પરિવાર | હા. |
| મધુરા ઉપોદ્‌ઘાત | શ્રી દામોદરદાસ હં. મોદી-પરિવાર, અમદાવાદ | હા. |
| મોક્ષશાસ્ત્ર | શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુ. મંડળ ટ્રસ્ટ પાર્લા-સાંતાક્રુઝ | પ્રેસમાં |
| સ્વાધ્યાય સુધા | બ્ર. કંચનબેન મગનલાલ ચુડગર, સોનગઢ | હા. |
| કાર્તિકેય-અનુપ્રેક્ષા | બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા, સોનગઢ | હા. |
| આત્માનુશાસન | સોમચંદભાઈ ભગવાનજીભાઈ શાહ પરિવાર, લંડન | હા. |
| સમયસાર પ્રવચન ભાગ-૩ | વાસંતીબેન ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી, દાદર | હા. |
| સમયસાર પ્રવચન ભાગ-૪ | રસિકલાલ વિક્રમચંદ સંઘવી પરિવાર, કલકત્તા | હા. |
| અનુભવપ્રકાશ | જ્ઞાનેશ રસિકલાલ શાહ મેમો. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા. |
| છઢાળા પ્રવચન ભાગ-૧ થી ૬ | ગુલાબરાય છગનલાલ શાહના સ્મરણાર્થે, હૈદ્રાબાદ | હા. |
| પંચસ્તોત્ર સંગ્રહ | ડૉ. પ્રવિણાબેન ઉપેન્દ્રભાઈ કોઠારી, જામનગર | હા. |
| હું પરમાત્મા | કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ, રાજકોટ | હા. |
| ઈષ્ટોપદેશ પ્રવચન | દીનકરભાઈ શાહ, લંડન | હા. |
| અધ્યાત્મ-સંદેશ | સ્વ. કાન્તાબેન હિંમતલાલ ડેલીવાળા, સુરેન્દ્રનગર | હા. |
| શ્રાવકધર્મ-પ્રકાશક | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા. |
| જંબૂસ્વામી | શ્રીમતિ અનુબેન કાંતિભાઈ શેઠ તથા વિજય શેઠ મુંબઈ | હા. |
| અષ્ટપાહુડ (હરિગીત) | શ્રીમતિ અનુબેન કાંતિભાઈ શેઠ તથા વિજય શેઠ મુંબઈ | હા. |
| પ્રવચનસાર (હરિગીત) | શ્રીમતિ અનુબેન કાંતિભાઈ શેઠ તથા વિજય શેઠ મુંબઈ | હા. |
| પંચાસ્તિકાય (હરિગીત) | શ્રીમતિ અનુબેન કાંતિભાઈ શેઠ તથા વિજય શેઠ મુંબઈ | હા. |
| યોગસાર દોહા | શ્રીમતિ અનુબેન કાંતિભાઈ શેઠ તથા વિજય શેઠ મુંબઈ | હા. |
| ગુરુસ્તુતિ આદિ સંગ્રહ | મંજુલાબેન શાંતિલાલ મોદીના સ્મરણાર્થે, સોનગઢ | હા. |
| સમવસરણ-સ્તુતિ | સ્વ. દીલીપભાઈ મનસુખલાલ ઝોબાળિયા, મુંબઈ | હા. |
| બાળપોથી ભાગ-૧ | વાંકાનેર મુમુક્ષુ મંડળ, વાકાનેર | પ્રેસમાં |
| બાળપોથી ભાગ-૨ | શ્રીમતી હંસાબેન લલીતચંદ્ર દોશીના સ્મરણાર્થે સુરેન્દ્રનગર | હા. |
| ભગવાન પારસનાથ | સ્વ. લીલાબેન પારેખ પરિવાર, મોરબી | હા. |
| તીર્થમંડલવિધાન પૂજા | ચીમનલાલ ઠાકરશી મોદી, મલાડ | હા. |
| શાસ્ત્રસ્વાધ્યાય | સ્વ. જિતેન્દ્રભાઈ કેશવલાલ શાહ, દાદર | હા. |

❀ ❀ ❀ ❀ ❀

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૩ થી તા. ૩૧-૩-૨૦૦૪ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૩ થી ૩૧-૩-૨૦૦૪નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજૂ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૩ થી ૩૧-૩-૨૦૦૪ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૪૫,૩૫,૪૧૭ છે અને કુલ ખર્ચ રૂા. ૪૦,૮૩,૯૪૭ છે. વરસ આખરે વધારો રૂા. ૪,૫૧,૪૭૦ છે.

(૩) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ **(Corpus)** ખાતે રૂા. ૨,૫૫,૦૧,૬૨૭ છે. આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૧૪,૨૪,૫૧૭ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૪) સરવૈયા મુજબ ચાલુ ફંડોમાં રૂા. ૧,૪૭,૧૨,૮૦૪ વરસ આખરે બાકી રહે છે. આ રકમ જે તે ખાતે હોય તેમાં વાપરવાની હોય છે. અને તે રકમ તથા ધ્રુવફંડની રકમ બંને ભેગી કરતાં જે આપણી પાસે રોકાણ તરીકે રકમ જોઈએ, તે ઓછી છે. જેથી આ રકમ વધુ રહે એટલું રોકાણ મળે તે બાબત આપ સૌને વિચારવા જણાવીએ છીએ.

(૫) આપણા ટ્રસ્ટ અંતર્ગત, 'શ્રી કહાનસૂર્ય દિ. જૈન ભોજનસમિતિ' ભોજનાલય ચાલી રહેલ છે. તેનાં આવક-ખથર્ચનો હિસાબ જોતાં તેમાં આવકનો વધારો રહે છે તે ખરેખર વધારો છે જ નહીં કારણકે તેમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી કાયમી જમણ જે તે દિવસનાં વર્ષ દરમ્યાન નક્કી થયેલ છે તે દિવસનો જમણનો કુલ ખર્ચ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ભોજનાલયને આપે

છે. ટ્રસ્ટમાં કાયમી જમણ અગાઉ નાની રકમ લઈને નોંધાયા હોવાથી તે રકમનાં વ્યાજમાંથી જમણ કરવાનું મુશ્કેલ હોવાથી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તે ખર્ચનો બોજો અત્યારે લે છે. વળી ગેસ્ટ હાઉસ ભાડા આવક, નિ:શુલ્ક ભોજન વ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા મળેલ મોટી રકમનું દાન ધ્રુવફંડ, ભોજનાલય ફોટાઓનું ધ્રુવફંડ, ભોજનાલય કાયમી ભોજનતિથિનું ધ્રુવફંડ વગેરે ધ્રુવફંડનાં વ્યાજની રકમ તથા બીજી નાની મોટી આવક થવાથી તૂટને બદલે વધારો રહે છે પરન્તુ હવે વ્યાજનાં દરમાં ઘટાડો થવાથી તે બાબત પણ વિચારણા માંગી લે છે. કાયમી જમણ જે તે દિવસનાં નક્કી થયેલ છે તે દિવસનાં જમણમાં બીજા દાતારનાં નામ ઉમેરવા જેથી તે દિવસમાં જમણનાં ખર્ચમાં ટ્રસ્ટને રાહત રહે. એકાદ બે કાયમી જમણમાં બીજા દાતાર મળેલ છે. આ રીતે દાતાર મળે તો જમણ આપી શકાય નહીંતર તે બાબત વિચારવા જેવી છે. દાતાર કાયમી જમણમાં રકમ વધારી આપે અથવા બે ત્રણ વર્ષે તે જમણ આપવામાં આવે. આવી દરખાસ્ત આવે છે તો આ બાબત દાતારનું ધ્યાન દોરવામાં આવે છે.

(૬) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની તપોભૂમિ અધ્યાત્મ તીર્થધામ સોનગઢનો લાભ લેવા આવનાર યાત્રીઓ-મહેમાનો માટે શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન નિર્માણ થયેલ છે. ફરીથી તેવા જ પ્રકારનાં ચાર બિલ્ડીંગ બનાવવાનું નક્કી કર્યું છે. પૂ. ગુરુદેવશ્રીની ૧૧૫મી જન્મજયંતીનાં મહામંગલ અવસર ઉપર શ્રી છગનલાલ કાળીદાસ વાઘર પરિવાર, જામનગર તરફથી ઉજવાયેલ તે યાદગીરી માટે જાહેર થયેલ યોજના પ્રમાણે ચાર બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે. ચાર વીંગમાં પ્રત્યેક વીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, સેકન્ડ ફ્લોર, થર્ડ ફ્લોર બનશે. ચાર બિલ્ડીંગમાં કુલ ૧૪૦ રૂમનું આયોજન છે. પ્રત્યેક બિલ્ડીંગ માટે એકવીશ લાખ આપનાર દાતારનું નામ તે બિલ્ડીંગ માટે રહેશે જે ચાર બિલ્ડીંગનાં દાતાર નક્કી થયા છે. આવા દાતારોને ચાર રૂમો મહોત્સવ દરમ્યાન આપવામાં આવશે.

પ્રત્યેક બિલ્ડીંગમાં લીફ્ટની વ્યવસ્થા છે. પ્રત્યેક બિલ્ડીંગમાં ચાર લાખ આપનાર દાતારનું નામ તથા ઉત્સવો દરમ્યાન એક રૂમ ઉતારા માટે નિ:શુલ્ક આપવામાં આવશે.

પ્રત્યેક ફ્લોર માટે જે દાતા તરફથી રૂા. અઢી લાખ ડોનેશન માટે મળશે તે ફ્લોરનું તે દાતાનાં નામથી નામકરણ કરવામાં આવશે. ઉપરોક્ત નામો અગાઉ આત્મધર્મમાં આપેલ છે. રૂમો માટે રૂા. ૭૫૦૦૦/– રાખવામાં આવેલ છે. આવા દાતારોની ૭૦ રૂમો લખાયેલ છે.

(૭) અધ્યાત્મ તીર્થ સોનગઢથી પ્રકાશિત 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી માટે ખર્ચને પહોંચી વળવા માટે યોજના અગાઉ જાહેર કરેલ છે. તે પ્રમાણે આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશન માટે ગુજરાતીનાં રૂા. એક લાખ પચ્ચીસ હજાર નક્કી કરેલ છે. તેમજ આજીવન એક મહિનાનાં આત્મધર્મ હિન્દી પ્રકાશન માટે એક લાખ નક્કી કરેલ છે. સ્પોન્સર તરીકે તે દાતારનું નામ તે મહિનાનાં અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

તેવી જ રીતે એક માસનું આત્મધર્મ ગુજરાતી પ્રકાશન માટે રૂા. દસ હજાર નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ સ્પોન્સર તરીકે તે મહિનાનાં અંકમાં પ્રકાશિત થશે. એક માસનું હિન્દી આત્મધર્મ

પ્રકાશિત કરવાનાં રૂા. સાત હજાર પાંચસો નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ અંકમાં સ્પોન્સર તરીકે દાતારનું નામ પ્રકાશિત કરવામાં આવશે. આ યોજનાને ઠીક પ્રતિસાદ મળેલ છે.

(૮) સુવર્ણપુરીમાં નિર્મિત ભવ્ય વિશાળ જિનાયતનો વગેરે સાતીશય તીર્થરૂપે સદૈવ પ્રકાશમાન રહે—તેવી ભાવના ને અનુમોદિત કરવા માટે એક 'સ્થાયી જીર્ણોદ્ધાર' ફંડ કરેલ છે. સ્વાધ્યાય મંદિર, સીમંધરસ્વામી જિનમંદિર, સમવસરણ, કુંદકુંદ પ્રવચન મંડપ, માનસ્તંભ, પરમાગમ મંદિર, પંચમેરુ-નંદીશ્વર જિનાલય, કહાનગુરુ સમાધિમંદિર, બેનશ્રી સમાધિ સ્મૃતિ વગેરેમાં જીર્ણોદ્ધાર માટે એક ચોરસ ફૂટનાં એક હજાર નક્કી કરેલ છે. જે અંતર્ગત જીર્ણોદ્ધાર ફંડને પણ પ્રતિસાદ મળેલ છે.

(૯) તે ઉપરાંત 'પરિવર્તન ધામ-સ્ટાર ઓફ ઈન્ડિયાનાં મકાનમાં જીર્ણોદ્ધાર કરેલ છે. વાધર પરિવાર-જામનગર તરફથી સારો રીસ્પોન્સ મળેલ છે. તેને હજુ અદ્યતન કરવાની યોજના છે-જે અંતર્ગત પારસનાથ ભગવાનનું ચિત્રપટ, પૂ. ગુરુદેવશ્રી 'પરિવર્તન' કરી રહ્યા છે. તેવી લાઈવ પ્રતિકૃતિ, પૂ. ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ, પરિવર્તનનાં વિવિધ પ્રસંગો, આર્ટ ગેલેરી વગેરે બનાવવાની યોજના છે. મુમુક્ષુઓ આ આયોજનમાં દાનરાશિ પોતાની ભાવનાનુસાર આપી શકે છે.

વળી હાલ, પૂ. ગુરુદેવશ્રીની જન્મભૂમિ ઉમરાળામાં જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરેલ છે. જેને સારો પ્રતિસાદ દાતારો તરફથી મળેલ છે.

(૧૦) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

(૧૧) હાલ પંચમેરુ-નંદીશ્વર જિનાલયનાં ફરતી સ્ટીલની ગ્રીલ કરેલ છે. હવે સોનગઢ જિનાયતનોનાં મંદિરોમાં શિખર ઉપર ધજા ચઢાવવા જઈ શકાય તે હેતુથી સીડી (પગથીયા) બનાવવાનું વિચારેલ છે. જો લોખંડની બનાવવામાં આવે તો ઓછો ખર્ચ અને સ્ટીલની બનાવવામાં આવે તો પાંચ ગણો ખર્ચ થાય તેમ છે.

(૧૨) ઉપરોક્ત હિસાબી અહેવાલ તથા હિસાબો જોતાં આપ સૌને ટ્રસ્ટની કાર્યવાહી, આવક-જાવક બાબત જાણકારી મળી શકશે. ઘણા એવા ખ્યાલમાં છે કે ટ્રસ્ટ પાસે મોટી રકમ છે, જેથી સોનગઢમાં ફંડની જરૂર નથી પણ એમ નથી. આપણા ટ્રસ્ટમાં અત્યારે જે આવક છે તેના પ્રમાણમાં ખર્ચ થાય છે; પણ બધાની અપેક્ષા મુજબ ઘણી જરૂરિયાત છે; તેના પ્રમાણમાં મોટું ફંડ ટ્રસ્ટ પાસે નથી. જેથી બધાં મોટાં કામો થઈ શકતા નથી. એ માટે મોટું ફંડ ઊભું કરવાની જરૂર છે. માટે આ બાબત દરેકને વિચારવાની જરૂર છે. સોનગઢ- સંસ્થામાં લાખોના ખર્ચ સામે લાખોની આવક હોવી જોઈએ.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૧-૧-૨૦૦૫

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૦૪નાં પુરા થતાં વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૩ | ૩૧-૩-૨૦૦૪ | જાવક | ૩૧-૩-૨૦૦૩ | ૩૧-૩-૨૦૦૪ |
|---|---|---|---|---|---|
| ભાડા | ૨૦,૪૯૯ | ૧૮,૧૫૬ | મિલ્કત મરામત | ૧,૧૯,૪૨૧ | ૩,૮૩,૫૧૪ |
| વ્યાજ | ૧૦,૬૫,૫૩૩ | ૮,૫૭,૯૩૦ | વીમા પ્રીમીયમ | ૧૨,૩૩૭ | ૮,૨૦૨ |
| ડીવીડન્ડ વ્યાજ | ૧૨,૬૭,૧૫૫ | ૧૩,૯૬,૨૫૭ | વહીવટી ખર્ચ | ૫૦,૭૫૮ | ૩૮,૭૫૪ |
| દાન ખાતે | ૨૧,૩૯,૦૯૦ | ૧૩,૫૭,૩૫૦ | ઓડીટ ખર્ચ | ૧૨,૧૮૪ | ૧૨,૯૬૦ |
| ગુપ્ત ભંડાર | ૪,૯૧,૮૯૨ | ૪,૨૫,૨૯૫ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૬૯,૯૪૭ | ૧,૨૦,૭૭૦ | કાનુની ખર્ચ | ૫,૦૦૦ | ૮,૫૯૦ |
| કાયમી ફંડ ખાતે | | | અન્યખર્ચ | ૧૦,૩૬૨ | ૪,૮૬૧ |
| ટ્રાન્સફર | ૪,૫૩,૯૮૨ | ૩,૫૯,૬૫૯ | વ્યાજ ખર્ચ | ૫૧૦૦ | ૪,૦૮૦ |
| તુટ સરવૈયામાં | — | — | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૫,૫૨,૧૬૯ | ૧૪,૬૧,૫૮૫ |
| | | | ધાર્મિક હેતુ ખર્ચ | ૨૩,૩૦,૩૧૩ | ૨૧,૧૧,૪૦૧ |
| | | | જિણોધ્ધાર જોગવાઇ | ૬૦૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| | | | વર્ષ આખરે વધારો | ૭,૬૦,૪૫૪ | ૩,૮૧,૪૭૦ |
| | ૫૫,૦૮,૦૯૮ | ૪૫,૩૫,૪૧૭ | | ૫૫,૦૮,૦૯૮ | ૪૫,૩૫,૪૧૭ |

## તા. ૩૧-૩-૨૦૦૪નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૩ | ૩૧-૩-૨૦૦૪ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૩ | ૩૧-૩-૨૦૦૪ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૩૭૦૩૩૨ | સ્થાવર મિલ્કત | ૨૯૯૯૬૭૧૭ | ૩૦૦૨૮૯૬૭ |
| મિલ્કત ફંડ | ૧૨૮૮૮૧૮૬ | ૧૨૯૩૮૯૦૪ | ડેડ સ્ટોક ફર્નિચર | ૫૫૮૦૫૪ | ૫૭૦૫૦૪ |
| કાયમી ફંડ | ૨૪૦૭૭૧૧૦ | ૨૫૫૦૧૬૨૭ | જંગમ મિલ્કત | ૩૦૯૩૩૦૪ | ૩૧૮૪૩૭૫ |
| ચાલુ ફંડ | ૧૩૬૭૫૩૦૦ | ૧૪૭૧૨૮૦૪ | પુસ્તક, કાગળ | | |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૩૨૧૮૨૭૫ | ૩૫૯૨૩૪૦ | સ્ટોક, પ્રિન્ટીંગ | ૨૮૦૨૩૨૩ | ૨૬૧૫૨૩૩ |
| અન્ય દેવાં | ૩૨૪૭૧૪૬ | ૨૬૭૧૯૯૩ | જૈન સેવા સમિતી | ૧૨૭૪૦૬૩ | ૧૩૧૩૪૨૦ |
| જિણોધ્ધાર | | | અન્ય લેણાં | ૧૬૯૯૧૭૦ | ૮૯૮૫૦૫ |
| જોગવાઇ ફંડ | ૬૦૦૦૦૦ | ૬૭૦૦૦૦ | રોકાણો | ૨૭૯૯૨૩૭૯ | ૩૧૭૨૧૯૦૮ |
| ઉપજ ખર્ચ | ૮૯૫૪૧૮૯ | ૯૩૩૫૬૫૯ | બેન્ક બેલેન્સ | ૬૦૨૩૩૬ | ૪૪૭૪૪૬ |
| | | | પુરાંત | ૧૧૪૯૨ | ૧૩૩૦૧ |
| | ૬૮૦૩૦૫૩૮ | ૭૦૭૯૩૬૫૯ | | ૬૮૦૩૦૫૩૮ | ૭૦૭૯૩૬૫૯ |

તા. ૧-૪-૨૦૦૩ થી તા. ૩૧-૩-૨૦૦૪ કુલ આવક વર્ષ દરમ્યાન

| | | |
|---|---|---|
| કાયમી ફંડોમાં ઉમેરો | ૧૪૨૪૫૧૭ | ધ્રુવફંડ ખાતે |
| ચાલુંફંડોમાં ઉમેરો | ૧૦૩૭૫૦૪ | આ રકમ જે ખાતામાં હોય તે ખાતામાં વાપરવાની હોય છે |
| | ૨૪૬૨૦૨૧ | |
| આવક દાન ભંડાર | ૪૫૩૫૪૧૭ | |
| | ૬૯૯૭૪૩૮ | |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
### તા. ૩૧-૩-૨૦૦૪ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૨,૧૧,૮૩૮ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, | |
| કાયમી જમણનાં ખર્ચનાં | | ટેલિફોન, પગાર, ઈલેકટ્રીકબીલ, | |
| સ્વાધ્યાય મંદિર પાસેથી | ૨,૫૪,૩૫૪ | કોઠાર વિગેરે. | ૨૨,૬૧,૬૨૨ |
| ફોટા ફંડના વ્યાજનાં કાયમી | | | |
| ભોજનાતિથિ તથા ધ્રુવફંડના | ૭,૫૫,૫૮૬ | ખર્ચ કરતાં આવકનો વધારો સરવૈયા | ૯૯,૦૭૫ |
| બેન્ક વ્યાજ | ૭૨૦૦ | | |
| ભંગાર વેચાણ | ૧૦,૦૦૧ | | |
| સાધારણ ગેસ્ટહાઉસ | | | |
| ભાડા આવક | ૧,૨૧,૭૧૮ | | |
| | ૨૩,૬૦,૬૯૭ | | ૨૩,૬૦,૬૯૭ |

### તા. ૩૧-૩-૨૦૦૪ના રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૬,૬૪,૪૩૬ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૧૦,૭૮૨ |
| ગ.વ. મુજબ ૫,૯૬૪૧૨ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૧,૬૨,૩૦૬ |
| ચાલુસાલનો ૯૯,૦૭૫ | ૬,૯૫,૪૮૭ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૭૬૬ |
| અન્ય જવાબદારી | ૩,૫૩,૦૩૧ | ડેડ સ્ટોક | ૫,૯૩,૧૩૭ |
| રીક્ષાફંડ | ૭૫,૦૦૦ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| રીક્ષા લોન | ૧,૪૦,૦૦૦ | પુરાંત | ૩,૮૫૨ |
| | ૧૬,૨૩,૬૩૯ | | ૧૬,૨૩,૬૩૯ |

[ તા. ૧૦-૧-૨૦૦૫ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

## ❋ સોનગઢમાં સાનંદ સંપન્ન ચતુર્થ બાલ-શિક્ષણશિબિર ❋

(તા. ૨૬-૧૨-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-પ્રેરિત તથા શ્રી કહાન-પુષ્પ-પરિવાર (મુંબઈ) દ્વારા, પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં, આયોજિત ચતુર્થ બાલ શિક્ષણશિબિર, આશાતીત અધિક સફળતાપૂર્વક, સાનંદ સંપન્ન થઈ. આ શિબિરમાં ૧૭૫ બાળકો-બાળીકાઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું. બધાં બાળક-બાળીકાઓમાં શિક્ષણ પ્રતિ સમજવાની જિજ્ઞાસા તથા પ્રસન્નતા પ્રતીત થતી હતી. અંગ્રેજી ભાષાના માધ્યમથી શિક્ષણ-પ્રદાનની પણ વ્યવસ્થા કરાયેલી. તે માટે ડૉ. કિરીટભાઈ ગોસલિયા અમેરિકાથી પધાર્યા હતા. બધાં વિદ્યાર્થિઓને અધ્યાત્મ તત્ત્વજ્ઞાન ઉપરાંત પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિના, જિનાયતનોના, જિનાયતનોમાં બિરાજમાન સર્વ જિનેન્દ્ર-ભગવંતો તથા પુરાણ આધારિત વિભિન્ન ચિત્રાવલીનો પરિચય આપવામાં આવેલો. આ બધું જાણીને બાળકોએ વિશેષ આનંદ અનુભવેલો. શિક્ષણ માટે ચાર વર્ગ રાખ્યા હતા. બ્ર. ચંદુભાઈ, બ્ર. વજુભાઈ, ડૉ. કિરીટભાઈ ગોસલિયા, ડૉ. પ્રવિણભાઈ દોશી, સુભાષભાઈ શેઠ, રાજુભાઈ કામદાર, રમેશભાઈ મહેતા, બ્ર. આશાબેન, બ્ર. કોકિલાબેન તથા બ્ર. સુશીલાબેન દ્વારા વિભિન્ન વિષયો પર શિક્ષણ આપવામાં આવેલું.

બાળકોને સમજવામાં સરળતા રહે એટલા માટે પૂજ્ય ગુરુદેવશ્રીના બંને સમય છહઢાળા-ત્રીજી ઢાળ પર પ્રવચન રાખવામાં આવ્યાં હતાં. બાળકોને પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના જીવન તથા સાધનાના વિષયમાં બહુ સારી જાણકારી પ્રાપ્ત થઈ હતી. આથી તેઓ ઘણો આનંદ અનુભવતાં હતાં તથા ભાવના વ્યક્ત કરતાં હતાં કે આગામી બધી શિબિર પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિમાં આયોજિત કરવી જોઈએ. શિક્ષણાર્થિઓને જન્મસ્થાન ઉમરાળાના તથા સ્ટાર ઓફ ઇન્ડિયાના દર્શનનો લાભ પણ મળ્યો હતો. ટ્રસ્ટ દ્વારા ભોજન તથા રહેવાની વ્યવસ્થા બહુ સુંદર કરાઈ હતી. શિક્ષણશિબિરની સફળતા માટે કહાન-પુષ્પ-પરિવારના કાર્યકરોએ ઘણી જહેમત લીધી હતી.

❀

## * મોરબી-સ્વાધ્યાયમંદિરમાં ગુરુ-પ્રતિકૃતિનું મંગલ સંસ્થાપન સાનંદ સંપન્ન *

મોરબીના મુમુક્ષુઓને પરમ-તારણહાર, સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ) પોતાના સ્વાધ્યાયમંદિરમાં બિરાજમાન કરવાની ઘણા વખતથી ભાવના હતી. તદ્નુસાર મોરબીના દિગંબર જૈન સંઘે, પૂજ્ય ગુરુદેવની સફેદ સંગેમરમરની (સોનગઢ જેવી જ) અતિ ભવ્ય પ્રતિકૃતિ નિર્માપિત કરાવીને, મુમુક્ષુઓની ભાવના પૂરી કરી છે. તેના મંગલ સંસ્થાપનનું આયોજન તા. ૨૦-૧૨-૨૦૦૪ના શુભ દિને રાખવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવની પ્રતિકૃતિના નિર્માણનો તથા સંસ્થાપનનો આનંદકારી મંગલ લાભ નાઈરોબી (હાલ લંડન) નિવાસી શ્રી કિરણભાઈ હરખચંદ શાહ તથા તેમના ધર્મપત્ની અ.સૌ. શ્રી જયશ્રીબહેન તથા સુપુત્ર ચિ. આનંદને સંપ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે સોનગઢ, રાજકોટ, વાંકાનેર, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ, નાઈરોબી વગેરે અનેક ગામોના મુમુક્ષુઓ (૫૦૦ થી વધારે સંખ્યામાં) મોરબી પધાર્યા હતા. આ મંગલ અવસર ઊજવવાનો મોરબી સંઘને ઘણો જ ઉત્સાહ તેમ જ આનંદ હતો. મંગલ સંસ્થાપન-વિધિ ખૂબ જ આનંદોત્સાહ પૂર્વક સંપન્ન થઈ હતી.

## વૈરાગ્ય સમાચાર :—

નાઈરોબીનિવાસી શ્રી મુલજી ધરમશી મારુ (વર્ષ-૭૮) તા. ૨૧-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી નિવૃત્તિપૂર્વક સતત સ્વાધ્યાય-વાંચન પૂજન આદિમય તેઓનું જીવન હતું.

શિહોરનિવાસી શ્રી દેવજીભાઈ પ્રેમજીભાઈ (વર્ષ-૯૫) તા. ૨૦-૮-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૫૦ વર્ષથી તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

રાજકોટનિવાસી શ્રી રમાબેન પ્રતાપરાય શાહ (વર્ષ-૭૦) તા. ૨૯-૧૧-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ધોલેરાનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી જ્યંતીલાલ હીરાલાલ શેઠ (—તે શ્રી ચંદ્રકાંતભાઈના પિતાશ્રી) (વર્ષ-૯૩) તા. ૫-૧૨-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી શ્રી દયાબેન પારેખ (—તે બ્ર. શ્રી ભાનુબેનના માતુશ્રી) તા. ૧૬-૧૨-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દાદરનિવાસી દાદર મુમુક્ષુ મંડળના સેક્રેટરી તથા કમિટિના સભ્ય શ્રી જિતુભાઈ કેશવલાલ શાહ (વર્ષ-૫૮) તા. ૧૯-૧૨-૦૪ના રોજ કેન્સરની બિમારીમાં અત્યંત શાંતિ અને જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો રસ અને અભ્યાસ હતો.

નાઈરોબીનિવાસી શ્રી રાજીવ રમણીકભાઈ નથુ (વર્ષ-૩૯) (-તે નાઈરોબી મુમુક્ષુ મંડળના ઉપપ્રમુખના પુત્ર) હાર્ટફેઈલ થવાથી તા. ૨૭-૧૨-૦૪ના રોજ અચાનક સ્વર્ગવાસ પામ્યા છે.

સાવરકુંડલાનિવાસી (હાલ-રાજકોટ) શ્રી કિરીટભાઈ નાનચંદ મહેતાના સુપુત્ર શ્રી તુષારભાઈ (-તે શ્રી ધવલભાઈ મહેતાના ભત્રીજા) (વર્ષ-૩૬) બિમારીના છેલ્લા ૩ મહિના સતત સ્વાધ્યાય-વાંચન આદિપૂર્વક જાગૃતિથી તા. ૧-૧-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પધારો! મંગલ મહોત્સવ! અવશ્ય પધારો!

ક્યાં?

ગુજરાત પ્રદેશની સુપ્રસિદ્ધનગરી જામનગર(સૌરાષ્ટ્ર) શહેરમાં.

શું છે ત્યાં?

શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ.

પ્રતિષ્ઠા છે કોની?

વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન,
શ્રી શાન્તિનાથ ભગવાન તથા ધાતકી-વિદેહ-ભાવિ-જિનવરની.

પંચકલ્યાણકમાં વિધિનાયક કોણ ભગવાન છે?

વિધિનાયક ભગવાન મહાવીરસ્વામી છે.

પ્રતિષ્ઠા છે ક્યારે?

## * મંગલ પ્રતિષ્ઠા-મહોત્સવ *

પોષ વદ ૧૨, રવિવાર, તા. ૬-૨-૨૦૦૫ થી મહા સુદ ૫, રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૫

**વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નિજ શુદ્ધાત્મતત્ત્વની લોકોત્તર મહિમા આપણા હૃદયમાં અંકિત કરનાર પરમોપકારી પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પોતાના સમ્યક્ જાતિસ્મરણ-જ્ઞાનવૈભવથી વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનો આપણા ભરતક્ષેત્રમાં પદાર્પણ કરાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપકારપ્રતાપથી તથા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલ આશિષથી સુસંપન્ન થવાવાળા આ ભવ્ય પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવમાં પધારવા શ્રી જામનગર (સૌરાષ્ટ્ર) દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી સારાય મુમુક્ષુસમાજને સાદર આમંત્રણ છે.**

(પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્વપૂર્ણ બોલી-ઈન્દ્રો, કુબેર વગેરેની બોલી-પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (તા. ૬-૨-૨૦૦૫, રવિવાર, પોષ વદ ૧૨ના દિવસે) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિમ્બ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણની અને પચંપરમેષ્ઠીમંડલ વિધાનપૂજાના ઈન્દ્રોની બોલી તા. ૫-૨-૨૦૦૫, શનિવારના દિવસે બોલવામાં આવશે.)

સરનામું શું છે?

**પ્રતિષ્ઠામહોત્સવ-સ્થળ તથા કાર્યાલય : શ્રી મહાવીરનગર (પ્રતિષ્ઠામંડપ)**

ઓશવાળ સેન્ટર, સાત રસ્તા, જામનગર-૩૬૧૦૦૫ PHONE : (0288) 2672360

તો ચાલો! જરૂર જઈએ જામનગર!

અહા!- મંગલકારી શ્રી સીમંધર, નાથ વિદેહી પધાર્યા છે,
જિનવર-પ્રાણપ્રતિષ્ઠા કરવા, ભવ્ય ભક્ત ઉભરાયા છે;
મંગલમય ઉપશમરસ મુદ્રા, ભવિજન મુક્તિ દાઈ છે,
જામનગરની ધન્ય ધરા પર, સ્વર્ણિમ ઘડીયો આવી છે.

જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે, તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે--પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. *—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

Copies : 5250